## રાજ્યમાં વધુ ૪૪૧ નવા કેસ : અમદાવાદમાં ૩૪૯ : ગાંધીનગરમાં ૦૨

ઈતની શક્તિ હમે દેના દાતા, મનકા વિશ્વાસ કમજોર હો ના...


ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૫૬ | ૬ મે, ૨૦૨૦, બુધવાર; વૈશાખ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# દેશમાં કોરોનાનું રૌદ્ર સ્વરૂપ : ૩૯૯૨ નવા કેસ

### છેલ્લા ૨૪ કલાકમાં ૧૯૫ લોકોના મોત : છેલ્લા ૫ દિવસમાં દેશમાં કોરોનાના ૧૪૪૮૦ કેસ નોંધાયા : એક દિવસમાં ૧૦૨૦ રિકવર

નવી દિલ્હી, તા.૫

લોકડાઉન-૩માં છુટછાટના બીજા દિવસે, દેશમાં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા ભયાનક છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના કેસો અને મૃત્યુના આંકડામાં સૌથી મોટો ઉછાળો જોવા મળ્યો છે. આ સમયગાળા દરમિયાન, ૩૯૦૦ પુષ્ટિ થયેલા કેસ નોંધાયા હતા અને ૧૯૫ લોકોનાં મોત નીપજ્યાં હતાં. આ સાથે દેશમાં કોરોનાના પુષ્ટિ થયેલા કેસોની સંખ્યા ૪૬ હજારને વટાવી ગઈ છે. તે જ સમયે, અત્યાર સુધીમાં ૧૫૬૮ લોકોનાં મોત નીપજ્યાં છે. આરોગ્ય મંત્રાલયે જણાવ્યું છે કે દેશમાં ૨૪ કલાકમાં ૧૦૨૦ લોકો સાજા થયા છે, જે લોકોની સારવારનો આંકડો ૧૨૭૨૬ સુધી પહોંચી ચુક્યો છે. હવે દેશમાં સાજા થવાનો દર ૨૭.૪૧ ટકા પર આવી ગયો છે. છેલ્લા ૫ દિવસમાં દેશમાં કોરોનાના ૧૪૪૮૦ કેસ નોંધાયા છે. મંગળવારે દેશમાં કોરોનાને કારણે ૧૯૫ લોકોનાં



મોત નીપજ્યાં હતાં. જ્યારે સોમવારે ૯૯ લોકોનાં મોત નીપજ્યાં હતાં. ભારતમાં કોરોના ચેપગ્રસ્ત લોકોનો કુલ આંકડો ૧૫૬૮ છે. તે જ સમયે, ત્યાં ૧૨૭૨૭ દર્દીઓ સ્વસ્થ થયા છે. ગૃહ મંત્રાલયના સંયુક્ત સચિવ, પુણ્ય સલીલા શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, વિદેશમાં ફસાયેલા દેશવાસીઓની પરત આવવાની પ્રક્રિયા ૭ મેથી તબક્કાવાર રીતે શરૂ કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હીની આર્મી હોસ્પિટલમાં ૨૪ કેસ પોઝિટિવ

કોરોના વાયરસ દિલ્હીની આર્મી હોસ્પિટલમાં પહોંચી ગયો છે. પાટનગરની આર્મીની આરઆર (રિસર્ચ અને રેફરલ) હોસ્પિટલમાં ૨૪ લોકો કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. જેમાં બે તબીબી અધિકારીઓ, ૩ નર્સિંગ ઓફિસર શામેલ છે. તેમાં સેનાના કેટલાક જવાનો પણ શામેલ છે. સેનાના પ્રવક્તા કર્નલ અમન આનંદે આ કેસ વિશે માહિતી શેર કરી હતી. તેમણે કહ્યું કે કુલ ૨૪ પોઝિટિવ કેસ છે. આમાં સેનાના જવાનો અને સેનામાંથી કેટલાક નિવૃત્તનો સમાવેશ થાય છે. આ લોકોને આર્મી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ તમામ લોકોને કેન્સર વિભાગમાં દાખલ કરવામાં આવ્યા હતા. હાલમાં, દરેકને બહાર કાઢીને દિલ્હી કેન્ટની બેઝ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

## બીએસએફના વધુ ૧૩ જવાનો કોરોના પોઝિટિવ

બોર્ડર સિક્યોરિટી ફોર્સ એટલે કે બીએસએફમાં કોરોના વાયરસના સંક્રમણના કેસ વધીને ૬૭ થઈ ગયા છે. જેમાં મોટા ભાગના કેસ દિલ્હીના છે જ્યાં જામિયા વિસ્તારમાં લો એન્ડ ઓર્ડર ડ્યુટી પર તહેનાત બટાલિયનના જવાન સૌથી વધારે સંક્રમિત થયા છે. આ ઉપરાંત ત્રિપુરામાં પણ બીએસએફના સંક્રમિત જવાનોની સંખ્યા વધારે છે.

બોર્ડર સિક્યોરિટી ફોર્સે મંગળવારે જણાવ્યું કે, ત્રિપુરામાં એક કેમ્પમાં કોરોનાના ૧૩ નવા કેસ સામે આવ્યા છે. જેમાં ૧૦ જવાન અને એક જવાનના પરિવારના ત્રણ લોકો (પત્ની અને બે બાળકો) સામેલ છે. ત્યાંજ ત્રિપુરામાં કોરોનાથી સંક્રમિત બીએસએફ જવાનોનની સંખ્યા વધીને ૨૪ થઈ ગઈ છે.

બીએસએફના સૌથી વધારે જવાન દિલ્હીમાં સંક્રમિત થયા છે. અહિંયા અત્યાર સુધી બીએસએફના ૪૧ જવાન/અધિકારી સંક્રમિત થયા છે. આ ઉપરાંત એક અન્ય જવાન પણ સંક્રમિત થયો છે જે કેન્દ્રની ઈન્ટર-મિનિસ્ટ્રિયલ ટીમની સાથે ડ્રાઈવર તરીકે કોલકાતા ગયો હતો.

દિલ્હીમાં સંક્રમિત થયેલા બીએસએફના જવાનોમાંથી ૩૨ જામિયા અને ચાંદની મહેલ વિસ્તારમાં લો એન્ડ ઓર્ડર ડ્યુટી પર તહેનાત બે યુનિટના છે. બીએસએફે જણાવ્યું છે કે, રજા પર ગયેલા એક જવાન પણ કોરોના વાયરસથી સંક્રમિત થયો છે.

# ભારત કોમ્યુનિટી ટ્રાન્સમિશનને રોકવામાં સફળ

### કોરોના સંકટ સમાપ્ત થયા બાદ ભારતીયો તેમની રૂટિનમાં હાથ, પર્યાવરણીય સ્વચ્છતાની તેમની આદત જાળવી રાખે

નવી દિલ્હી, તા. ૫

દેશમાં કોરોના વાયરસનું જોખમ હજી ઓછું થયું નથી. છેલ્લા ૨૪ કલાકમાં રેકોર્ડ મૃત્યુથી લોકો ફરી એકવાર વિચારવા લાગ્યા છે. હવે આ સવાલ તરફ દોરી જાય છે કે શું કોરોના વાયરસનું સમુદાય સંક્રમણ થયું છે? જ્યારે આ વિશે પૂછવામાં આવ્યું ત્યારે આરોગ્ય મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી લવ અગ્રવાલને આ વાત સ્વીકારી કે નકારી નથી. જો કે, કેન્દ્રીય આરોગ્યમંત્રીએ કોરોના વાયરસના સમુદાય સંક્રમણને પણ નકારી દીધો છે. લવ અગ્રવાલને પૂછવામાં આવ્યું હતું કે છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસનું સમુદાય સંક્રમણ થયું છે કે કેમ તેમાંથી મૃત્યુની સંખ્યામાંથી

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૩૬૮૬૯૬૧ | ૨૫૫૦૯૬ | ૧૧૦૨૩૧૫ |
| ભારત | ૪૮૩૫૦ | ૧૬૫૦ | ૧૩૬૫૧ |
| ગુજરાત | ૬૨૪૫ | ૩૬૮ | ૧૩૮૧ |
| ગાંધીનગર | ૭૯ | ૦૫ | ૧૭ |

# કોરોનાની રસી બનાવ્યાનો ઈઝરાઈલનો દાવો

### ઇઝરાઇલના સંરક્ષણ પ્રધાન નફાતાલી બેનેટે દાવો કર્યો : ઇઝરાઇલની અદ્યતન ડિફેન્સ બાયોલોજિકલ ઇન્સ્ટિટ્યૂટે કોરોના વાયરસ રસી બનાવી છે : ઇઝરાયેલની જૈવિક બોંબ બનાવતી લેબ દ્વારા રસી બનાવાઈ

નવીદિલ્હી, તા. ૪

કોરોના વાયરસ (કોવિડ -૧૯) એ વિશ્વભરમાં ૨,૫૨,૫૭૩ લોકો માર્યા ગયા છે અને ૩.૬ મિલિયન લોકોને ચેપ લગાવ્યો છે. રોગચાળાને દૂર કરવાના વિશ્વવ્યાપી પ્રયત્નો વચ્ચે ઈઝરાયેલે કોરોના વાયરસ (ઈઝરાઈલ કોરોનાવાયરસ રસી) માટે એક રસી વિકસાવી છે ઈઝરાઈલ કોરોનાવાયરસ રસીની સિક્રેટ લેબ બનાવવામાં આવી હતી. કોરોના વાયરસ કૌભાંડની વચ્ચે, ઈઝરાઈલના સંરક્ષણ પ્રધાન નફાતાલી બેનેટે સોમવારે દાવો કર્યો હતો કે દેશના વૈજ્ઞાનિકોએ રોગચાળાની રસી આપી હતી. ઈઝરાઈલની અદ્યતન ડિફેન્સ બાયોલોજિકલ ઈન્સ્ટિટ્યૂટ, જેણે કોરોના વાયરસ રસી બનાવી છે, તે તેની ગોપનીયતા માટે વિશ્વભરમાં જાણીતી છે. માનવામાં આવે છે કે આ સંસ્થા સમગ્ર વિશ્વમાંથી જૈવિક અને રાસાયણિક શસ્ત્રોને છુપાવી અને સુરક્ષિત કરે છે અને તેમની સુરક્ષા માટે શસ્ત્રો બનાવે છે. ઈઝરાઈલની સિક્રેટ લેબમાં જૈવિક બોમ્બ, જીવલેણ ઝેર, કોરોના વાયરસની રસી બનાવવામાં આવી! કોરોના વાયરસ (કોવિડ -૧૯) એ વિશ્વભરમાં ૨,૫૨,૫૭૩ લોકો માર્યા ગયા છે અને ૩.૬ મિલિયન લોકોને ચેપ લગાવ્યો છે. રોગચાળાને દૂર કરવાના વિશ્વવ્યાપી પ્રયત્નો વચ્ચે ઈઝરાયેલે કોરોના વાયરસ (ઈઝરાઈલ કોરોનાવાયરસ રસી) માટે એક રસી વિકસાવી છે ઈઝરાઈલ કોરોનાવાયરસ રસીની સિક્રેટ લેબ બનાવવામાં આવી હતી. કોરોના વાયરસ કૌભાંડની વચ્ચે, ઈઝરાઈલના સંરક્ષણ પ્રધાન નફાતાલી બેનેટે સોમવારે દાવો કર્યો

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- કેન્દ્ર સરકારે તાત્કાલિક અમલથી વિદેશી નાગરિકોના તમામ વીઝા સસ્પેન્ડ કર્યા.
- કોરોના સંકટ વચ્ચે મહારાષ્ટ્ર સરકાર એક વર્ષ સુધી વિકાસના કામ નહીં કરે
- કાશ્મીર ઘાટીના કવરેજ માટે ૩ ભારતીય ફોટોગ્રાફર્સને પુલિત્ઝર પુરસ્કાર મળ્યો
- કોંગ્રેસ સાંસદ અધીર રંજન ચૌધરી લોક લેખા સમિતિના અધ્યક્ષ તરીકે ચૂંટાયા.
- અમદાવાદના હાટકેશ્વર વિસ્તારમાંથી ૨૧ શાકભાજીવાળા કોરોનાગ્રસ્ત થતા હડકંપ
- ગુજરાત વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણીએ મુખ્ય સચિવશ્રીને પત્ર લખી પરપ્રાંતિયોને શ્રમિક સ્પેશ્યલ ટ્રેન મારફતે પહોંચાડેલા શ્રમિકોની યાદી માગી છે.
- દેશમાં સૌથી વધુ કોરોના સંક્રમિત રાજ્યો

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૧૪૫૪૧ |
| ગુજરાત | ૬૨૪૫ |
| દિલ્હી | ૫૧૦૪ |
| તામીલનાડુ | ૪૦૫૮ |
| રાજસ્થાન | ૩૧૨૭ |
| મધ્યપ્રદેશ | ૩૦૪૯ |

# હાલ દેશને આર્થિક પેકેજ અનિવાર્ય : બેનર્જી

### દેશને આર્થિક પેકેજની જરૂર, જનતાનું દેવું માફ કરવામાં આવેઃ નોબેલ વિજેતા અભિજીત બેનર્જીએ અર્થતંત્રને સુધારવાનો મંત્ર આપ્યો : દેશની ૬૦ ટકા વસ્તીના હાથમાં પૈસા પહોંચાડવા પડશે, રાશન કાર્ડ નથી તેમને કમ સે કમ ત્રણ મહિના માટે અસ્થાયી રાશન કાર્ડ આપવું જોઇએ, આપણે જીડીપીના ૧% પેકેજની વાતો કરીએ છીએ ત્યાં અમેરિકાએ ૧૦% આપ્યું છે





ન્યુ દિલ્હી, તા.૫

જાણીતા અર્થશાસ્ત્રી અને નોબેલ પારિતોષિક વિજેતા અભિજીત બેનર્જીએ કોરોના મહામારીથી ભારતના અર્થથંત્રને લોકડાઉનથી પડી રહેલી મુશ્કેલીઓના ઉપાય તરીકે દેશની મોટી વસ્તીના હાથમાં રોકડા પૈસા આપવાનો ઉપાય દર્શાવ્યો છે. જેથી રોકડ રકમ હાથમાં આવતાં લોકોની ખરીદશક્તિ વધતાં બજારમાં ખરીદી વધશે અને અર્થતંત્રની આકી ચેઈન કે જે કોરોનાથી તૂટી ગઈ છે તે ફરીથી ધમધમશે, લોકોને લોકડાઉનમાં ખાવાનું મળતું નથી, તેના ઉપાય તરીકે તેમણે એવો રસ્તો સૂચવ્યો છે કે જેમની પાસે રાશન કાર્ડ નથી તેમને કમ સે કમ ત્રણ મહિના માટે અસ્થાયી રાશન કાર્ડ આપવું જોઈએ. જેથી તેને અનાજ વગેરે. મળી શકે. તેમણે ખેડૂતોનું દેવું માફ કરવાની સખત જરૂર હોવાનો મત પણ દર્શાવ્યો હતો. તેઓ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી દ્વારા લોકડાઉનમાંથી ભારતને ઉગારવાના પ્રયાસ રૂપે જાણીતી હસ્તિઓની સાથે વાતચીત કરીને તેમના વિચારો સરકાર અને પ્રજા સમક્ષ મૂકી રહ્યાં છે.

● અનુસંધાન પાન-૭ પર

## હિઝબુલના આતંકીની ધરપકડ

ડોડા, તા.૫

જમ્મુમાંથી સુરક્ષાદળોએ ડોડા જિલ્લામાં એક્ટિવ હિઝબૂલ આતંકીની ધરપકડ કરી લીધી છે. પકડાયેલા આતંકી પાસેથી એક રિવૉલ્વર મળી છે. માહિતી પ્રમાણે, મંગળવારે સવારે ડોડામાં સેનાએ વિસ્તારના ટટનાના શેખપરામાં એક આતંકી છુપાયેલો હોવાન માહિતી મળી. ત્યારબાદ વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યુ હતુ. સેના, અર્ધસૈનિક દળો અને જમ્મુ પોલીસે દ્વારા ચલાવવામાં આવેલી સર્ચ ઓપરેશન દરમિયાન જ્યારે વિસ્તારમાં છુપાયેલા આતંકીએખુદને ચારેય બાજુથી ઘેરાયેલો જોયો તો તેને ભાગવાની કોશિશ કરી, બાદમાં સેનાએ તેને પકડી લીધો હતો.

## કાશ્મીરમાં સતત ત્રીજા દિવસે આતંકી હુમલોઃ બે જવાન સહિત છ ઘાયલ

બડગામ, તા.૫

કાશ્મીરમાં સતત ત્રીજા દિવસે સુરક્ષાદળોને આતંકવાદીઓએ નિશાન બનાવ્યા છે. આજે કાશ્મીરના બડગામ જિલ્લામાં સીઆરપીએફની એક ટુકડી પર આતંકીઓએ ગ્રેનેડ હુમલો કર્યો હતો.જેમાં સીઆરપીએફના બે જવાન અને ચાર સ્થાનિક લોકો ઘાયલ થયા છે.જેમને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા છે.

આ હુમલા બાદ સમગ્ર વિસ્તારની ઘેરાબંધી કરીને હુમલાખોર આતંકીઓની શોધખોળ શરુ કરી દેવાઈ છે.કોરોનાની મહામારી વચ્ચે પાકિસ્તાને સરહદ પરથી આતંકીઓની ઘૂસણખોરીના પ્રયત્નોમાં ભારે વધારો કર્યો છે.જેના પગલે કાશ્મીરમાં સુરક્ષાદળોને હવે કોરોના અને આતંકવાદીઓ એમ બે મોરચે લડવાનુ આવ્યુ છે.

## વિશ્વમાં કેસોની સંખ્યા ૩૬ લાખથી પણ વધુ



નવી દિલ્હી, તા.૫

કોરોના વાયરસથી સમગ્ર દુનિયા ત્રાહિમામ પોકારી ચુકી છે. કોરોના વાયરસનો આતંક વધી રહ્યો છે. બ્રેક મુકવામાં દુનિયાના સમગ્ર દેશો નિષ્ફળ થઇ રહ્યા છે. અનેક દેશોમાં લોકડાઉનની સ્થિતિ હોવા છતાં કેસોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. અમેરિકા, સ્પેન, ઈટાલી, યુકે, ફ્રાંસ, જર્મની જેવા દેશોમાં પણ કેસોની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે. ભારતમાં પણ આવી જ સ્થિતિ સર્જાયેલી છે. તમામ દેશોની સરકારો દ્વારા અનેક પગલાઓ લીધા હોવા છતાં કોરોના પર કાબૂ મેળવી શકાયો નથી. વિશ્વમાં અમેરિકા સૌથી વધુ પ્રભાવિત દેશ તરીકે ઉભરી આવ્યું છે. અમેરિકાની સ્થિતિ ખુબ જ ગંભીર બનેલી છે. ત્યારબાદ સ્પેનનો સમાવેશ થાય છે. દુનિયાના ૨૧૦ દેશો કોરોના વાયરસના કારણે પ્રભાવિત બનેલા છે. દેશોની સરકારો આને લઈને ભારે ચિંતિત બનેલી છે. કોરોના વાયરસની વેક્સિન શોધવા માટે દુનિયાના તમામ વૈજ્ઞાનિકો લાગેલા છે પરંતુ આશાનું કોઈ કિરણ હજુ સુધી દેખાઈ રહ્યું નથી. કોરોના વાયરસે વિશ્વભરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૩૬૬૩૭૬૦ સુધી પહોંચી ગઈ છે એટલે કે આંકડો ૩૬ લાખથી પણ ઉપર થઈ ગયો છે. વિશ્વમાં કોરોનાગ્રસ્ત દેશોની હાલત ખુબ જ ખરાબ બનેલી છે. કોરોના કારણે અર્થતંત્ર પર પણ ભારે નુકસાન થઈ રહ્યું છે. દુનિયાભરમાં રિકવર થયેલા લોકોની સંખ્યા ૧૨૦૫૯૦૪ સુધી પહોંચી ગઈ છે જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા ૨૨૦૫૦૯૮ પર પહોંચી ચુકી છે. આવી જ રીતે દુનિયામાં મોતનો આંકડો પણ વધીને ૨૪૮૫૬૭ ઉપર પહોંચી રહ્યો છે.